હની બી નેટવર્ક

# શોધયાત્રા વિશે પ્રાથમિક માહિતી

સૃષ્ટિ

અમદાવાદ સ્થિત સૃષ્ટિ સંસ્થા વર્ષમાં બે વાર પદયાત્રાનું આયોજન કરે છે, જે 'શોધયાત્રા'ના નામથી પ્રચલિત છે. આ શોધયાત્રા એ ચાલતાં-ચાલતાં શીખવાની એક યાત્રા છે. જેમાં યાત્રીઓ સ્થાનિક ગ્રામજનો, પ્રકૃત્તિ અને સાથી શોધયાત્રીઓ પાસેથી અરસપરસ શીખતા હોય છે. અહીં સૌ શીખવાની ભાવના સાથે સ્વેચ્છાએ સ્વખર્ચે જોડાય છે. સૃષ્ટિ સંસ્થાનું મુખ્ય કામ એ છે કે જે લોકોએ પોતાની રોજીંદી સમસ્યાઓમાં આપમેળે ઉકેલ શોધ્યો હોય તેઓને શોધીને સન્માનીત કરવા, તેઓની શોધમાં સંવર્ધન કરી બૌદ્ધિક પ્રતિભાના અધિકારોનું રક્ષણ કરવાની સાથે તેનો પ્રસાર કરવો. જે-તે પ્રદેશમાં રહેલ વિશિષ્ટ પરંપરાગત જ્ઞાન લોકો પાસેથી જાણવું, શીખવું, સ્થાનિક જૈવ વિવિધતાનું સંરક્ષણ કરવું. ટૂંકમાં કહીએ તો લોકો પાસે રહેલ કોઠાસૂઝ જ્ઞાનને જાણવા-શીખવા, સમજવા અને સન્માનવા માટેની આ અનોખી યાત્રા છે. શોધયાત્રા એ કોઇ પ્રોજેક્ટની પ્રવૃત્તિ નથી આ એક સ્વૈચ્છિક ઝુંબેશ છે. જેમાં ભાગ લેવા માટે એક જ માપદંડ છે અને એ છે સતત નવું નવું જાણવાની ઉત્સુક્તા!

**શોધયાત્રામાં શું કરીશું:**

(૧) સ્થાનિક લોકોની કોઠાસૂઝને જાણીને સન્માનિત કરીશું.

(૨) શાળાના બાળકો અને ગ્રામીણ મહિલાઓમાં જૈવિક વિવિધતા પ્રત્યે જિજ્ઞાસા કેળવાય તે માટે વાનસ્પતિક વિવિધતા હરીફાઈ અને અપ્રચલિત અથવા વીસરાતી વાનગીઓની હરીફાઈનું આયોજન કરીશું.

(૩) ગામે-ગામ સ્થાનિક ગ્રામજનો સાથે મિટીંગ થશે અને અહીંની સ્થાનિક સમસ્યાઓ જાણવાનો પ્રયત્ન કરીશું. સૃષ્ટિના જ્ઞાનકોષમાં રહેલ પદ્ધતિઓ અને સંશોધનો જો તેઓને ઉપયોગી હશે તો અહીં ગ્રામજનો સમક્ષ રજૂ પણ કરવામાં આવશે. અર્થાત વણઉકેલાયેલ તકનીકી સમસ્યાઓને સમજી તેને ઉકેલવાની દિશામાં ચિંતન-મનન કરીશું.

(૪) સ્થાનિક પરંપરાગત જ્ઞાનધારકો, શતાયુ મહિલાઓ, સ્થાનિક વૈદ્યો, સ્થાનિક કારીગરો, ગ્રામીણ સંશોધકો, અને જળ-જમીન-જંગલ સંરક્ષણમાં આપમેળે કરેલ વિશિષ્ટ પ્રયત્નોને સમજી તેઓનું ગામેગામ બહુમાન કરવામાં સહભાગી બનીશું.

(૫) ગામેગામ સ્થાનિક જ્ઞાન અને વાનસ્પતિક વિવિધતાનું ગ્રામીણ જ્ઞાન રજીસ્ટર (જ્ઞાન બેન્ક) બને તે માટે પ્રયત્નો કરવામાં આવશે.

(૬) આ વિસ્તારની દેશી જાતો અને જૈવિક વિવિધતાનું સંવર્ધન થાય તે માટે પ્રયત્ન કરીશું.

(૭) બિનખર્ચાળ અને બિનરાસાયણિક ખેતી પદ્ધતિઓનો પ્રચાર-પ્રસાર કરીશું.

હની બી નેટવર્ક

# શોધયાત્રા-૪૯

## બલિયા થી ગાઝીપુર (ઉત્તરપ્રદેશ)

**તારીખ : ૨૦-૦૬-૨૦૨૩ થી ૨૬-૦૬-૨૦૨૩ સુધી**

સૃષ્ટિ

| Near Airport - Varanasi<br>Near Railway Station - Ballia and Gazipur<br>Near Railway Station - Buxsar (Bihar) | નજીકનું એરપોર્ટ - વારાણસી<br>નજીકનું રેલ્વે સ્ટેશન - બલિયા અને ગાઝીપુર<br>નજીકનું રેલ્વે સ્ટેશન - બક્સર (બિહાર) |
|---|---|

**પ્રારંભ:** તારીખ ૨૦-૦૬-૨૦૨૩ના રોજ બપોરે ૩.૦૦ વાગે બલિયા મુકામે પહોંચવાનું રહેશે. બલિયાથી ૩૫ કિલોમીટર દૂર બિહારનું બક્સર શહેર છે.

**પૂર્ણાહુતિ:** તારીખ ૨૬-૦૬-૨૦૨૩ના રોજ બપોરે ૨.૦૦ ગાઝીપુરમાં પૂર્ણ થશે.

## શોધયાત્રી માટેની માર્ગદર્શિકા

**આ માર્ગદર્શિકા વાંચી-સમજીને આ સાથે આપેલ નોંધણીપત્રકમાં સહી કરી સૃષ્ટિ સંસ્થામાં જમા કરાવવું.**

૧. **ઓળખપત્ર:** શોધયાત્રામાં જોડાનાર તમામ વ્યક્તિએ પોતાનું ઓળખપત્ર સાથે રાખવું. જેમ કે, મતદાર ઓળખપત્ર, ડ્રાઇવિંગ લાઇસન્સ, પાસપોર્ટ વગેરે પૈકી કોઇ એક તથા સૃષ્ટિ સંસ્થામાં નોંધણી વખતે કોઈ એક ઓળખપત્ર જમા કરાવવું.

શોધયાત્રામાં જોડાવવા માટે ઇચ્છુક વ્યક્તિએ તેમનું ગુગલ ફોર્મમાં રજીસ્ટ્રેશન કરાવી રજીસ્ટ્રેશન ફી જમા કરાવી સંસ્થાને તેની જાણ કરવી.

૨. **હવામાન:** શોધયાત્રા દરમ્યાન ગરમી અને ક્યારેક વરસાદ પડવાની શક્યતા છે, આથી રેઈનકોટ, છત્રી વગેરે સાથે રાખવી.

૩. **પાથરણું:** દરેક યાત્રીએ પોતાની જરૂરિયાત મુજબનું પાથરણું સાથે લઇને આવવું. સામાન વહન કરવા માટે વાહન યાત્રામાં સાથે હશે. સામાન યાત્રીએ જાતે જ ચડાવવા-ઉતારવાનો હોય છે. કપડા માત્ર ત્રણ-ચાર જોડ જ લેવા. ટુંકમાં સામાન બને તેમ ઓછામાં ઓછો લાવવો જેથી વહન કરવામાં સરળતા રહે. એવું બને કે ક્યારેક સામાન ઉંચકીને પણ ચાલવુ પડે તો તમે ચાલી શકો તેની તૈયારી રાખવાની રહેશે.

૪. **પ્રાથમિક જરૂરિયાતો:** હેન્ડ સેનેટાઈઝર, માસ્ક, ટુવાલ, ટૂથબ્રશ, સાબુ, ત્રણ-ચાર જોડ પહેરવાનાં કપડાં, આ ઉપરાંત ઓછા વજનવાળી થાળી, વાટકી, ચમચી, પ્યાલો અવશ્ય સાથે લાવશો. (જમવા માટે અહીં પડીયા, પતરાળા કે પેપરની થાળી આપવામાં આવશે નહીં.) નોટ, પેન અને જો તમારી પાસે કેમેરો હોય તો સાથે લેશો. **ટૉર્ચ (બેટરી),** માચીસ, મીણબત્તી, કપડાં સૂકવવાની દોરી, મચ્છરદાની આ ઉપરાંત તમારી જરૂરિયાત મુજબની પ્રાથમિક દવાઓ, પૌષ્ટિક નાસ્તો (ખજૂર, ગોળ, ચણા, ચિક્કી વગેરે) સાથે લાવશો. બેગ બને ત્યાં સુધી ખૂબ ઓછા વજનવાળી છતા ટકાઉ હોય તે ઇચ્છનીય

છે. સામાન વહન કરતા ટ્રક કે ટ્રેક્ટરમાં તમારી બેગ દબાણમાં પણ આવી શકે છે. કિંમતી અને નાજુક સામાન સાથે ન લાવવા અનુરોધ છે.

૫. **પદયાત્રા:** યાત્રામાં રોજનું સરેરાશ ૧૫થી ૨૦ કિલોમીટર ચાલવાની તૈયારી રાખવી પડશે. **શોધયાત્રીઓ સામાન વહન કરતા વાહનમાં બેસી શકશે નહિ. ચાલવું ફરજિયાત છે.** એવું બને કે ક્યારેક રાત્રે પણ ચાલીને રાત્રિ નિવાસ સ્થળ સુધી જવુ પડે. ચાલતી વખતે કોઇપણ પ્રકારની વાહનની સુવિધા મળવાપાત્ર નથી, તેથી શારીરિક રીતે સક્ષમ ના હોય તેવા યાત્રીઓએ જોડાવું નહિ.

ચાલતી વખતે જેમને ઓળખો છે અથવા જેમની સાથે આવ્યા છો તેમની સાથે ચાલવાનું નથી. નવા મિત્રો બનાવવા અને ચાલતાં-ચાલતાં સંવાદના માધ્યમથી શીખવાનો આનંદ ઉઠાવીશું. યાત્રા દરમ્યાન ચોકલેટ, વેફર, બિસ્કીટ જેવા પદાર્થો ખાઇને તેના રેપર કે પેકેટ રસ્તામાં કે જંગલમાં ક્યાંય ફેંકવાના નથી. જ્યાં ભોજન કે નિવાસ કરીએ ત્યાં પણ સંપૂર્ણ સ્વચ્છતા જાળવીશું. સૂર્યાસ્ત પછી જ્યારે પણ ચાલવાનું થાય ત્યારે સમૂહમાં જ ચાલવાનો આગ્રહ રાખીશું. સૌથી આગળ કે પાછળ ચાલવામાં રસ્તો ભૂલી જવાનું જોખમ રહેતું હોય છે. ચાલતી વખતે તમારા બગલ થેલામાં ગ્રામજનોને વહેંચવા માટે જરૂરી સાહિત્ય આયોજક તરફથી અપાય તે સાથે રાખવું ફરજિયાત છે. અવનવી વનસ્પતિઓ, બીજ, કંદ, ડાળી, ફળ, ફૂલ અને છાલ તોડતા કે લેતા પહેલા સ્થાનિક ખેડૂત/સમુદાય કે આયોજકની પરવાનગી પછી જ લેવું. જે છોડ ઔષધિની સંખ્યા ઓછી હોય તે ન જ લેવું. ક્યાંય પણ શોધયાત્રીઓ થકી જૈવિક વિવિધતાને નુકસાન થાય તેવી કોઇ પ્રવૃત્તિ કરવાની નથી. ચાલતી વખતે શોધયાત્રાનો કાર્યક્રમ, અગત્યના ફોન નંબરો, સ્થાનિક આયોજકોના ફોન નંબરો ખીસ્સા ડાયરીમાં હાથવગા રાખવા, જેથી સમૂહથી છૂટા પડી જવાના સંજોગોમાં મદદરૂપ થઇ શકે છે.

૬. **સાદગીપૂર્ણ ભોજન:** સવારનો ચા-નાસ્તો અને બે ટાઇમ જમવાની સાદી વ્યવસ્થા માત્ર શોધયાત્રાના દિવસો દરમિયાન જે તે ગામોમાં સ્થાનિક ભાઈ-બહેનો દ્વારા કરાવવામાં આવી છે અને આશા છે સમયસર પૂરતું સાદું ભોજન મળશે. કોઈ કારણસર કોઈ જગ્યાએ જાતે રસોઈ કરીને પણ ખાવાની અથવા જે મળે તે પ્રમાણે ચલાવી લેવાની તૈયારી આપણે સહુ રાખીશું. શોધયાત્રી પોતાની સાથે સૂકો નાસ્તો લાવશે તે ઉપયોગી થઇ પડશે.

૭. **નોંધણી ફી/સહયોગ રાશિ:** શોધયાત્રા દરમ્યાન ભોજન, સામાન વહન કરવા માટે ટ્રક, જીપ, જનરેટર, નિવાસ અને યાત્રા અગાઉનાં વ્યવસ્થા ખર્ચ પેટે શોધયાત્રીઓએ નીચે મુજબની સહયોગ રાશિ જમા કરાવવાની રહેશે. આ રાશિ એ સમગ્ર યાત્રા દરમિયાનની છે. રાશિ જમાં કરાવ્યા બાદ રજીસ્ટ્રેશન રદ કરનારને રજીસ્ટ્રેશનના નાણાં પરત મળશે નહી.

| | | |
|---|---|---|
| (૧) | **નાના ખેડૂતો (જેઓ જાતે ખેતી કરે છે), માલધારીઓ, કારીગરો, ગ્રામીણ સંશોધકો:** | **રૂ. ૫૦૦૦/-** |
| (૨) | **પ્રોફેશનલ કોર્સમાં ભણતા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વેપારીઓ, પેન્શનધારકો અને નોકરીયાતો:** | **રૂ. ૭૦૦૦/-** |
| (૩) | **એન.આર.આઇ અને વિદેશી નાગરીકો માટે:** | **રૂ. ૧૨૦૦૦/-** |

અધવચ્ચેથી યાત્રા છોડનારને નાણાં પરત મળશે નહિ તેવી જ રીતે એક કે બે દિવસ માટે આવનારે પણ નોંધણી ફીની પૂરેપૂરી રકમ જમા કરાવવી પડશે. નોંધણી ફી યાત્રા અગાઉ સંસ્થાના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.

૮. **સ્વખર્ચે પ્રવાસ:** રેલ્વે સ્ટેશન/હવાઈમથક/બસસ્ટેશનથી શોધયાત્રાના પ્રારંભ સ્થળ સુધી તથા શોધયાત્રાની પૂર્ણાહૂતિથી રેલ્વે સ્ટેશન/હવાઈમથક/બસસ્ટેશન સુધી પહોંચવા માટે સામૂહિક વ્યવસ્થા જો યાત્રીઓ સાથે મળી કરશે તો જે કંઈ વાહન ખર્ચ થશે તે જે તે યાત્રીઓએ ભાગે પડતો ભોગવવાનો રહેશે.

૯. **જોખમ:** શોધયાત્રામાં દરેક યાત્રીએ સ્વખર્ચે અને સ્વજોખમે જોડાવવાનું છે. યાત્રા અગાઉ સમગ્ર રૂટ ઉપર આયોજકશ્રી તરફથી જરૂરી પ્રાથમિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે, તેમ છતાં વિપરીત સંજોગોમાં જે કંઇ નિર્ણયો આયોજક તરફથી લેવાય તેમાં શોધયાત્રીઓએ સંપૂર્ણ સહયોગ આપવો પડશે. શોધયાત્રામાં ચાલતાં-ચાલતાં શીખવાની વૃત્તિ ધરાવતા જાગૃત ઉત્સાહી ખેડૂતો, કારીગરો, વિદ્યાર્થીઓ જોડાય તે અપેક્ષિત છે.

કોઇપણ પ્રકારનો માર્ગ અકસ્માત, હુમલો, કુદરતી આફત, માલસામાનની ચોરી વગેરે પરિસ્થિતિમાં આયોજક સંસ્થાની કોઇ જવાબદારી રહેશે નહીં. આ બાબતની જાણ જે-તે યાત્રીએ પોતાના પરિવારને પણ કરવાની રહેશે.

૧૦. **શિસ્ત:** દરેક શોધયાત્રીએ આયોજક તરફથી મળતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. શોધયાત્રા દરમિયાન તમાકુ પ્રોડક્ટ (બીડી, સીગરેટ, ગુટખા) કે શરાબ જેવા માદક પદાર્થો અને વ્યસનોનું સેવન પ્રતિબંધિત છે. શોધયાત્રા દરમિયાન માત્ર શાકાહારી ભોજન જ મળશે. શોધયાત્રી યાત્રા દરમિયાન સ્થાનિક ગ્રામજનો સાથે ધર્મ, રાજકારણ કે અન્ય વિવાદીત વિષયોની ચર્ચા નહીં કરે તે ઇચ્છનીય છે.

૧૧. **નિવાસ:** શોધયાત્રા દરમિયાન સ્થાનિક વિસ્તારની ગ્રામીણ પ્રાથમિક શાળાઓમાં જ નિવાસની વ્યવસ્થા કરી છે. જ્યાં રાત્રિ રોકાણ કરવાનું છે. એ શક્ય છે કે અહીં વીજળી ન હોય, લાઇટ-પંખા ન હોય, ઓરડાને બારી-બારણા ન હોય અને ક્યારેક આપણી જાતે જ સફાઇ કરીને રોકાવુ પડે તેની તૈયારી આપણે સૌ રાખીશું. અહીં સંડાસ-બાથરૂમની કોઇ સુવિધા ન પણ હોય! ઓછામાં ઓછી ભૌતિક જરૂરિયાતો સાથે પોતાની જાતને કેળવવા આપણે સૌ સાથે મળીને મથીશું.

૧૨. **ગ્રામસભા:** ગામમાં ગ્રામજનો સાથેની મિટીંગ થાય ત્યારે દરેક શોધયાત્રીએ હાજર રહેવું જરૂરી છે. કોઇપણ ગામમાં પહેલા ગ્રામજનો સાથે મિટીંગ કરવામાં આવશે, તે પછી જ સમૂહમાં ભોજન કરીશું. શોધયાત્રીઓએ સવારે કેટલા વાગે તૈયાર રહેવું તેની જાણ દરરોજ સાંજે આયોજક તરફથી જણાવવામાં આવશે.

૧૩. **સહપરિવાર યાત્રા:** શોધયાત્રામાં સહપરિવાર જોડાઈ શકે તેમનું સ્વાગત છે પણ હા, ચાલવાની તૈયારી હોય એ જ જોડાય.


**સૃષ્ટિ સંસ્થા:**

AES બૉયઝ હોસ્ટેલ કેમ્પસમાં, યુનિવર્સિટી લાયબ્રેરી અને SBI બેંક નજીક,

નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ફોન: ૦૭૯-૨૭૯૧૩૨૯૩, ૨૭૯૧૨૭૯૨, (મો) ૯૯૨૫૩૨૦૭૯૩

**web: www.sristi.org, Email : shodhyatra@sristi.org**

# નોંધણી પત્રક
## શોધયાત્રા-૪૯

બલિયા થી ગાઝીપુર (ઉત્તરપ્રદેશ)

તારીખ : ૨૦-૦૬-૨૦૨૩ થી ૨૬-૦૬-૨૦૨૩ સુધી

**ભાગ લેનારનું પૂરું નામઃ**........................................................................................

**પૂરું સરનામુંઃ**.........................................................................................................

..............................................................................................................................

**પીનઃ**......................... **ફોનઃ**...........................**મોબાઇલ**.......................................
**ઈમેલઃ**.....................................................................................................................

**ઉંમરઃ**..................... **સ્વાસ્થ્ય સંબધી કોઈ સમસ્યા** .........................................................

**વ્યવસાયઃ**............................................**હોદ્દો**..........................................................

**રસનો વિષયઃ**. ..........................................................................................................

**શોધયાત્રાની માહિતી ક્યાંથી મળી ?** .....................................................................................

**શોધયાત્રામાંથી શું શીખવા/જાણવાની અપેક્ષા રાખો છો?**...........................................................

..............................................................................................................................

..............................................................................................................................

**તમે અન્ય શોધયાત્રીને ક્યુ જ્ઞાન/આવડત શીખવવા ઉત્સુક છે?**..................................................

..............................................................................................................................

..............................................................................................................................

**તમે કોઈ સંશોધક/પરંપરાગત જ્ઞાનધારકને શોધ્યા છે? જો હા તો તેની વિગત જણાવો. (દરેક યાત્રીએ શોધયાત્રામાં જોડાતા પહેલાં સ્થાનિક વિસ્તારમાંથી પાંચ સંશોધકો શોધી અભ્યાસ/નોંધ મોકલવી ફરજિયાત છે)**.................................................................................................................

..............................................................................................................................

**તમે લોકસરવાણી(ગુજરાતી)/સૂઝબૂઝ આસપાસ કી(હિન્દી)/હનીબી(અંગ્રેજી) પૈકી કોઇ એક સામયિકના વાચક છો? હા....... ના.........**

*(જો આપે આ સામયિકોના વાચક ન હોય તો લવાજમ ભરી યાત્રામાં જોડાતા પૂર્વે ઓછામાં ઓછા ત્રણ અંકનો અભ્યાસ જરૂર કરશો જેથી સૃષ્ટિના ઉદ્દેશો અને વિચારધારાને સમજી શકો.)*

**સૃષ્ટિ ઇન્નોવેશન અને હનીબી નેટવર્કની વિચારધારાને ફેલાવવા માટે તમે શું યોગદાન આપશો?**

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

**રજીસ્ટ્રેશનના નાણા ભરવાની વિગત**

| વિગત | રૂપિયા | ડિમાન્ડ ડ્રાફટ/મનીઓર્ડર/ચેક/રોકડા/ઓનલાઈન |
|---|---|---|
| નાના ખેડૂતો, માલધારીઓ, કારીગરો, ગ્રામીણ સંશોધકો | રૂ. ૫૦૦૦/- | |
| શિક્ષકો, વેપારીઓ, પેન્શનધારકો અને નોકરીયાતો | રૂ. ૭૦૦૦/- | |
| એન.આર.આઇ અને વિદેશી નાગરીકો | રૂ. ૧૨૦૦૦/- | |

**શોધયાત્રામાં પસંદગી પામેલ વ્યક્તિને રજીસ્ટ્રેશન ફી નીચેના બેંક એકાન્ટમાં જમા કરાવી સૃષ્ટિ (SRISTI) સંસ્થાને જાણ કરવી.**

**બેન્ક એકાઉન્ટની વિગત:**

**SRISTI**
**Bank Name : AXIS BANK**
**Branch : Memnagar Ahmedabad**
**A/c No. : 032010100012131**
**IFS Code : UTIB0001873**

**શોધયાત્રા અંગેની તમામ અગત્યની સૂચનાઓ મેં વાંચી છે, સમજી છે. હું શોધયાત્રામાં ચાલવા માટે શારીરિક રીતે સક્ષમ છું અને મારૂ નામ સ્વેચ્છાએ નોંધાવું છું. શોધયાત્રી તરીકે મારો સમાવેશ કરવા માટે હું આપને વિનંતી કરૂં છું.**

______________________________

**શોધયાત્રામાં જોડાનાર સભ્યની સહી**

**તારીખ :......................** **સ્થળ : ..................................**